ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક
Agnipath (Weekly) Gandhinagar
Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૫ અંક : ૧૬-૧૭ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૨૪-૦૪-૨૦૧૪, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

# સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા વૈદિક પરિવાર સ્નેહ મિલન સમારોહ ઉત્સાહભેર સંપન્ન

ગાંધીનગર

સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા ૧૮મી એપ્રિલ, ૨૦૧૪, સાંજે ૫-૩૦ કલાકે બલરામ ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે વૈદિક પરિવાર સ્નેહ મિલન સમારોહ યોજવામાં આવ્યો હતો. ચૈત્રી સુદ એકમ સૃષ્ટિ સંવત ૧,૯૬,૦૮,૫૩,૧૧૫ના નવા વર્ષમાં પ્રવેશ નિમિત્તે યજાયેલા આ સમારોહમાં વૈદિક પરિવારો ઉપરાંત ધાર્મિક તેમજ સેવાકીય સંસ્થાના પ્રતિનિધિઓ, ઉચ્ચ સરકારી પદાધિકારીઓ, આર્યસમાજના પ્રતિનિધિઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

આ સ્નેહ મિલન સમારોહના મુખ્ય અતિથિ તરીકે વર્તમાનમાં માહિતી કમિશ્નર તથા નિવૃત્ત આઈએએસ અધિકારી શ્રી વી.એસ.ગઢવી ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે સામાજિક ચેતના પ્રગટાવનાર ગુજરાત પ્રાન્તની ત્રણ વિભૂતિઓ મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને મહર્ષિ દયાનંદ સરસ્વતીની વાત કરી તેમના પ્રભાવક કાર્યોનો પ્રચાર કરવા આગળ આવવા અનુરોધ કર્યો હતો. જ્યારે

### સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા આણંદ ખાતે મંદ બુદ્ધિના બાળકો માટે એક આવાસીય શાળા તથા વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર શરુ કરવામાં આવ્યું છે.

જીવનમાં કોઈ વિકટ પરસ્થિતિ ઉભી થાય, હતાશા-નિરાશાનો ભાવ આવે ત્યારે સિંહસમાન ઓજસ્વી વીરપુરુષ મહર્ષિ દયાનંદનું સ્મરણ કરવા તેમણે જણાવ્યું હતું.નાત-જાતપ્રથા, બાળવિવાહ, સતીપ્રથા, જડ કર્મકાંડ, દોરા-ધાગા, મંત્ર-જંત્ર, ફલિત જ્યોતિષ વગેરેનો વિરોધ કરી સ્ત્રીશિક્ષા, નવી ગુરુકુળ પ્રથા, શુદ્ધિકરણ, વેદનું પઠનપાઠન કરાવનાર મહર્ષિજીના કેટલાક જીવનપ્રસંગો રજૂ કરી તેમનું જીવનચરિત્ર રસપ્રદ શૈલીમાં પ્રસ્તુત કર્યું હતું. તેમણે કહ્યું કે મહર્ષિ દયાનંદે આટલા બધા સમાજ જાગૃતિનાં કામ ન કર્યા હોય અને એક માત્ર સત્યાર્થ પ્રકાશ ગ્રંથ લખ્યો હોત તો પણ સમાજ તેને હજારો વર્ષો સુધી યાદ કરત. તેમણે સત્યાર્થ પ્રકાશ ગ્રન્થ ઉપર પ્રકાશ પાડી સૌને તેનું અધ્યયન કરવા પ્રેરણા આપી હતી. પાખંડના ગઢો પર જઈ વિજયપતાકા લહેરાવનાર સત્યના આ મહાપુજારીના જીવનના કેટલાક રમૂજ પ્રસંગો વર્ણવી તેમની સેન્સ ઓફ હ્યુમરની પ્રસંશા કરી હતી.

વૈદિક પ્રવક્તા શ્રદ્ધેય શ્રી અવધેશપ્રસાદ પાંડેયએ પોતાના પ્રેરક વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે મનુષ્યએ વ્યકિતપૂજક નહિ પણ તત્વપૂજક, સત્યપૂજક બનવું જોઈએ. મહર્ષિ દયાનંદ સરસ્વતી સત્યપૂજક હતા. અજ્ઞાનરુપી અંધકારનું છેદન-ભેદન કરી સત્યનો પ્રકાશ આ ધરતી પર રેલાવનાર મહર્ષિ દયાનંદે વેદોને ઈશ્વરોક્ત ઘોષિત કરી વેદો તરફ સમાજને પાછો વાળવા ખૂબ પૂરૂષાર્થ કર્યો. આધ્યાત્મિક ચેતનાને આંદોલિત કરનાર ગુજરાતના આ સપૂતનો જીવનમંત્ર જ વેદ અને સત્ય હતો. મહર્ષિ દયાનંદે જ સૌ પ્રથમ ઘોષણા કરી હતી કે ઈશ્વર ભક્તિ અને રાષ્ટ્ર ભક્તિ અલગ અલગ નથી. સાચો ઈશ્વરભક્ત અવશ્યપણે રાષ્ટ્રભક્ત હોય જ છે. સત્યાર્થ પ્રકાશ ગ્રંથની વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે મહર્ષિના ગ્રંથનું એક એક વાક્ય આપણા માટે રત્નસમાન અતિમૂલ્યવાન છે, માર્ગદર્શક છે. વેદના ભણવા-ભણાવવા પર ભાર મૂકતાં તેમણે જણાવ્યું હતું કે શિક્ષક બની અન્યને ભણાવનાર મનુષ્ય જ વધુ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. વેદનો પ્રચાર અન્યને ભણાવ્યા વિના કયા પ્રકારે સંભવી શકે ? ભણાવ્યા વિના ભણતર ટકશે નહિ, વધશે નહિ. દરેક વ્યકિતમાં વેદની જ્યોતિ પ્રગટાવવાની જરુર છે. આવો, આપણે વેદસ્વાધ્યાય કરીએ. શિક્ષક બનીએ, શિક્ષક બનાવીએ. વેદવિદ્યાના શિક્ષક બનવાથી સંસાર સ્વર્ગમય બની જશે.

સર્વોત્કર્ષ સેવા સંસ્થાનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના ટૂંકા વ્યાખ્યાનમાં કહ્યું હતું કે શ્રી પાંડેયજી જેવા વિદ્વાનનો લાભ ગાંધીનગરની સામાન્ય જનતાને મળે તે માટે તેમના વ્યાખ્યાનો પારિવારીકની સાથે જાહેર સ્થળોએ રાખવામાં આવે તે જરૂરી છે. તેમણે કહ્યું હતું કે ઈશ્વરની પૂજા બે પ્રકારે થાય છે. સવારે અને સાંજે સંધ્યા, હવન કરવું એ પૂજાનો એક ભાગ છે જ્યારે વ્યવહારમાં ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવું એ પૂજાનો બીજો ભાગ હોવાનું જણાવી બંને




કાર્યો કરવા ઉપર તેમણે ભાર મુક્યો હતો.

સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા આણંદ ખાતે મંદ બુદ્ધિના બાળકો માટે એક આવાસીય શાળા તથા વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર શરુ કરવામાં આવ્યું છે. આ શાળાનું સંચાલન કરી રહેલા આણંદ આર્યવીર દળનાં સંચાલક શ્રી જિગ્નેશભાઈ ઠક્કરે આ વિશે સંક્ષિપ્તમાં માહિતી પ્રદાન કરી હતી. ગાંધીનગર ખાતે ચાલતા કેન્દ્રોનાં કેટલાક સત્સંગીઓએ પોતાના પ્રતિભાવો આપી તેમને વૈદિક જ્ઞાન સાથે જોડાવાથી થયેલા લાભો ઉપર પ્રકાશ પાડી વૈદિક જ્ઞાન પીરસી રહેલા શ્રદ્ધેય શ્રી અવધેશપ્રસાદ પાંડેય પ્રતિ પૂજ્યભાવ પ્રગટ કર્યો હતો.

કાર્યક્રમનાં પ્રારંભમાં સ્વાગત પ્રવચન શ્રી બળદેવભાઈ પટેલે કર્યું હતું જ્યારે અંતમાં આભારવિધિ શ્રી મહેન્દ્રભાઈ ગાંધીએ કરી હતી. મંચનું સંચાલન શ્રી મનોજભાઈ શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી લક્ષ્મણભાઈ આર્ય, શ્રી ગમનભાઈ પટેલ, ડૉ. ચંદુભાઈ અંબવાણી, શ્રી મનોજભાઈ પુરાણી, શ્રી સુરજ ત્રિપાઠી સહિત અનેક કાર્યકરોએ પ્રસંશનીય કામગીરી કરી હતી. શ્રેષ્ઠી મહાનુભાવોમાં શ્રી મયુરભાઈ શાહ, શ્રી અજમલભાઈ આર્ય, શ્રી લક્ષ્મણભાઈ પારસિયા સહિત અનેક મહાનુભાવોએ સહયોગ પ્રદાન કરી કાર્યક્રમને સફળ બનાવવામાં ફાળો આપ્યો હતો.

# વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ ખાતે ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર સંપન્ન

પૂજ્ય સ્વામી સત્યપતિજી પરિવ્રાજકજીની અધ્યક્ષતામાં વાનપ્રસ્થ સાધક આશ્રમ, આર્યવન, રોજડ ખાતે ગત તા. ૬ એપ્રિલ ૨૦૧૪ થી ૧૩ એપ્રિલ, ૨૦૧૪ સુધી ૮ દિવસીય ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિરનું આયોજન



કરવામાં આવ્યું હતું.આ શિબિરમાં ૧૨ જેટલા પ્રાન્તોમાંથી લગભગ ૨૦૦ જેટલા શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો.

શિબિરમાં યોગદર્શન (કૈવલ્યપાદ), વેદાન્ત દર્શનના સૂત્રો, સત્યાર્થ પ્રકાશ, વિવેક વૈરાગ્યનો અભ્યાસ અને અધ્યાપન તથા ક્રિયાત્મક યોગ સાધના શિખવાડવા ઉપરાંત યમ-નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન સમાધિ, વિવેક-વૈરાગ્ય, અભ્યાસ, જપ-વિધિ, ઈશ્વર-સમર્પણ, સ્વ-સ્વામિ સંબંધ (મમત્વ)ને દૂર કરવા જેવા અનેક સૂક્ષ્મ આધ્યાત્મિક વિષયોનું માર્ગદર્શન તથા શંકા-સમાધાન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વ્યક્તિગત ઉપાસના, વ્યાયામ-આસન, ક્રિયાત્મક યોગ-પ્રશિક્ષણ, વેદ પ્રવચન, જ્ઞાન-કર્મ-ઉપાસના, દર્શન, ઉપનિષદ, યોગમાં આવતી વિવિધ મુશ્કેલીઓ, વિવેક-વૈરાગ્યના શ્લોકો, તથા સંધ્યાયા અને યજ્ઞના મંત્રોનું ઉચ્ચારણ તથા અર્થ, આત્મનિરીક્ષણ જેવા અનેક વિષયો પર પ્રકાશ નાંખવામાં આવ્યો હતો. શિબિરની દિનચર્યા સવારના ૪ :૦૦ થી રાત્રીના ૯ : ૩૦ સુધીની હતી. તેમાં પૂર્ણકાલિન મૌન વ્રતનું પાલન કરવાનું રહેતુ હતું.

શિબિરમાં પૂ. સ્વામી સત્યપતિજી, આચાર્ય શ્રી જ્ઞાનેશ્વરજી આર્ય, આચાર્ય સત્યજિતજી, આચાર્ય સંદિપજી, સ્વામી મુક્તાનંદજી, આચાર્ય અજયજી, બ્ર. અરૂણકુમારજી આર્યવીર, શ્રી ચંદ્રેશજી આર્ય, આચાર્ય સોમદેવજી વગેરે



પ્રશિક્ષકોએ અનેક વિષયો સંબંધિત કક્ષાઓ લીધી હતી. શિબિરના અંતમાં શિબિરાર્થીઓએ પોતાના અનુભવો વર્ણવ્યા હતા. તેમણે ગુણોને ગ્રહણ કરવા તથા દોષોને છોડવા સંબધિત વ્રતપત્રકો ભર્યા હતા.

શિબિરમાં ભોજન અને રહેવાની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ માટે આશ્રમના બ્રહ્મચારીઓ, શ્રી જશુભાઈ પટેલ તથા શ્રી રાજેશ પારેખ અને તેમના સહયોગીઓનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.



# સ્પેશ્યલ ઓલિમ્પિક્સ આણંદનું ગૌરવ

### સ્પેશ્યલ ઑલિમ્પિક્સ પાવર લિફ્ટિંગની નેશનલ ચેમ્પિયનશીપમાં શ્રી જય પટેલ, શ્રી રાકેશ ઠક્કર અને શ્રી રક્ષિત પટેલની પસંદગી




સ્પેશ્યલ ઑલિમ્પિક્સ ભારત દ્વારા પટિયાલા, પંજાબખાતે પાવર લિફ્ટિંગ રમતની નેશનલ ચેમ્પિયનશીપ - ૨૦૧૪નું આયોજન તા. ૩ થી ૮ જૂન ૨૦૧૪ દરમ્યાન કરવામાં આવનાર છે. આ સ્પર્ધામાં સ્પૅશ્યલ ઑલિમ્પિક્સ આણંદના શ્રી રાકેશ ઠક્કર, શ્રી રક્ષિત પટેલ અને શ્રી જય પટેલ આમ ત્રણ ખેલાડીઓની પસંદગી થયેલ છે. આ ત્રણેય ખેલાડીઓ આણંદ જિલ્લામાં મંદબુદ્ધિના ક્ષેત્રે કાર્યરત ગુરુકૃપા નિવાસી વિશિષ્ટ શાળામાં પ્રશિક્ષણ મેળવી રહ્યા છે. આણંદ જિલ્લાના સ્પૅશ્યલ ઑલિમ્પિક્સના નેશનલ ટ્રેનર શ્રી જિજ્ઞેશભાઈ ઠક્કર તથા આસી. સ્પોર્ટ્સ ડાયરેક્ટર શ્રી મહેન્દ્રસિંહ મંડોરાના નેતૃત્વ હેઠળ પાવર લિફ્ટિંગના કૉચ શ્રી હર્ષદભાઈ મકવાણાના માર્ગદર્શનમાં નિયમિત અભ્યાસ કરી રહ્યા છે. તેઓનું નેશનલ ચેમ્પિયનશીપમાં સિલેક્શન થવા બદલ સંસ્થાના ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ મેનેજર શ્રી જિજ્ઞેશભાઈ ઠક્કર, સ્પોર્ટ્સ ડાયરેક્ટર શ્રી ભરતભાઈ પટેલ તથા આસી. સ્પોર્ટ્સ ડાયરેક્ટર શ્રી મહેન્દ્રસિંહ મંડોરાએ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

चतुर्भिरपि चैवतैर्नित्यमाश्रमिभिर्द्विजैः ।
दशलक्षणको धर्मः सेवितव्यः प्रयत्नतः ॥
मनुस्मृति ११(६२)

એટલા માટે બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસી માટે યોગ્ય છે કે પ્રયત્નથી દશ લક્ષણયુક્ત ધર્મનું પાલન કરે.

**તંત્રી સ્થાનેથી....**

## આર્યસમાજ એટલે ક્રાંતિનું બીજુ નામ

ભારત ભલે વિદેશી વ્યક્તિઓની ચુંગાલમાંથી મુક્ત થયો હોય પણ વિદેશી દુષ્ટોની કુટનીતિની પરંપરાથી મુક્ત થયો નથી. જ્યારે દેશ પરાધિન હતો ત્યારે દેશનના ધનને વિદેશીઓ લુંટીને પોતાના દેશમાં લઈ જતાં હતાં. આજે પણ દેશનું ધન લુંટાઈ રહ્યું છે અને વિદેશોમાં જમા થઈ રહ્યું છે. માત્ર લુંટવાવાળા બદલાયા છે. નવા સ્વદેશી લુંટારુઓની ચુંગાલમાંથી દેશને મુક્ત કરાવવાનો છે જે ધન રાજનેતાઓ અને ઉચ્ચ અધિકારીઓ ભ્રષ્ટાચારના માધ્યમથી સ્વિસ બેંકોમાં જમા કરાવી રહ્યાં છે. રાજકીય દ્રષ્ટિએ દેશનું પતન થયાની આ નીશાની છે રાજનીતીમાં અસામાજિક તત્વોનો પગપેસારો તથા નિષ્ઠાવાન લોકોની ઉદાસીનતાને કારણે દેશનું રાજકીય અધઃપતન થઈ રહ્યું છે.

સામાજિક દ્રષ્ટિએ તો અગાઉ કરતાં પણ વધારે વૈમનસ્ય જોવા મળે છે. સરકારની અનામતની અન્યાયકારી નીતિને કારણે જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે વેરભાવ ઉભો થઈ ગયો છે. મતોના રાજકારણને ધ્યાનમાં રાખીને રાજનેતાઓ પોતાની ખુરશી ટકાવી રાખવા જ્ઞાતિ આધારીત સંગઠનોને મજબૂત બનાવી સમાજના ઢાંચાને નબળો પાડી રહ્યાં છે. વિજ્ઞાન જ્યારે અવનવી શોધોના માધ્યમથી સૃષ્ટિ રચનાના કોયડાને ઉકેલવા મથામણ કરી રહ્યાં છે ત્યારે બીજી તરફ ભૂત-પ્રેત, ફલિત જ્યોતિષ, રાશી ફળ, ચોઘડીયુ, મુહુર્ત જેવા અવૈજ્ઞાનિક, અતાર્કીક પાંખડોમાં સમાજ ફસાયેલો જોવા મળે છે.

રાજકીય, સામાજિક અને ધાર્મિક એમ ત્રણેય ક્ષેત્રોમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાનું બિડુ ઝડપનાર મહર્ષિ દયાનંદ સરસ્વતી જ્યારે જીવીત હતાં ત્યારે દેશ પરાધિન હતો. તેમની પ્રેરણાથી સેંકડો નહી હજારો વ્યક્તિઓએ આઝાદીની લડતમાં નોંધપાત્ર યોગદાન આપ્યું. દેશ માટે પ્રાણોની આહુતિ આપનાર, ક્રાંતિકારીઓમાં મોટા ભાગના લોકો આર્યસમાજ સાથે જોડાયેલા હતાં. આર્યસમાજ એટલે ક્રાંતિનું બીજુ નામ. આજે આર્યસમાજની ક્રાંતિકારી ગતિવિધીઓમાં ઓટ આવી ગઈ છે. દેશ સ્વતંત્ર થયા પછી કદાચ આર્યસમાજીઓએ એવું માની લીધુ છે કે મહર્ષિ દયાનંદનું સ્વપ્ન સાકાર થઈ ગયું આ એક બહુ મોટી ભ્રાંતિ છે.

# બધા જ જીવોની પરમાત્માથી પૃથક્ પોત-પોતાની સ્વતંત્ર સત્તા છે

**यस्मिन् सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः ।**
**तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ॥**

॥ यजुर्वेद ॥ अध्याय-४०। मं.सं.-७॥

अन्वयः यस्मिन् विजानतः सर्वाणि भूतानि आत्मा एव अभूत, तत्र एकत्वम् अनुपश्यतः, को मोहः कः शोकः ।

पदार्थ :- यस्मिन् = જે કાળે,विजानतः= આત્મદર્શી માટે, सर्वाणि भूतानि = સમસ્ત પ્રાણી, आत्मा एव =પોતાની જેમ જ એટલે આત્મવત્, अभूतः = થઈ જાય છે, तत्र = તે સમયે, एकत्वम् अनुपश्यतः= એકાત્મભાવનો અનુભવ કરનારને (આત્મદર્શીવૈ) कः शोकः = શું મોહ અને શું શોક.

"When, For one who has perfect knowledge of things, all beings becomes as his own self, then there is no attachment or grief for such a one who sees oneness every where"

દેશ કાળનાં બંધનથી સર્વથા મુક્ત થયેલો સ્વાધીન આત્મદર્શી દરેક સ્થળે અને કાળે અદ્વિતીય પરમાત્માનાં જ દર્શન કરે છે. જીવન્મુક્ત યોગી ત્રિગુણાત્મક પ્રકૃતિનાં બંધનથી મુક્ત થઈ સ્વતંત્ર પક્ષીની જેમ સમ્પૂર્ણ બ્રહ્માંડને પોતાનું ઘર સમજવા લાગે છે.

'यत्र विश्वं भवत्येकनीडम् ।' પરમાત્મ સ્વરૂપમાં અધિષ્ઠિત જીવાત્મા અખિલ વિશ્વને પોતાનું નિવાસ જાણીને અબાધરીતે દેશ-કાળ નિરપેક્ષ ગતિ કરે છે એટલે કોઈ પણ સ્થળ કે કાળની મર્યાદા આવા વિશિષ્ટ યોગ્યતા પ્રાપ્ત વિજ્ઞાનીને નડતી નથી.

સામાન્ય વ્યક્તિનું જીવન ગર્ભમાં સ્થિત બાળક જેવું જ હોય છે. તેની વિચરણ સીમા માત્ર માતાનું ગર્ભ જ છે. ગર્ભની સીમા નિયમાનુસાર વિકાસ-પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ્યારે ટૂટે છે, ત્યારે તે ગર્ભનાં બંધનથી મુક્ત થઈ જાય છે અને ગર્ભથી બૃહત્તર સીમામાં આવી જાય છે. ગર્ભનાં બંધનથી તો મુક્ત થઈ જાય છે, પરંતુ બહાર આવતાં જ જો બહારની સીમાને કે વ્યૂહને તોડવાની વિદ્યા કે કળા નિમિત્તરૂપમાં શીખડાવવામાં નહિ આવે તો તે ફરીથી સંકુચિત આવરણની લઘુત્તમ સીમામાં બદ્ધ થઈ જશે. ગર્ભની અંદરની વિકાસ-પ્રક્રિયા તો સમ્પૂર્ણ રીતે હિરણ્યગર્ભ પરમાત્માનાં નિયમોને અધીન છે, જ્યારે ગર્ભની બહારની બૌદ્ધિક વિકાસની પ્રક્રિયા વેદ-વિહિત નિયમોનો આધારે મુખ્યરૂપેણ માતા-પિતા અને આચાર્યને અધીન રહે છે. માતા-પિતા અને આચાર્યની ભૂમિકા ભજવતાં પાત્રો, ગર્ભસીમા તોડીને બહાર આવેલા સંતાનને યોગ્ય પ્રમાણમાં વેદ-વિદ્યાને કે ઉત્તમ સંસ્કારોને સંસ્થાપિત કરવામાં અસફળ રહે છે તેથી જ અત્યારે અસ્તિત્વ ધરાવતી સંતતિ વધારેને વધારે સંકુચિત, નિરંકુશ, અનુશાસનહીન થઈ ઘનિષ્ઠ ગૂંચડામાં સંપડાઈ ગઈ છે. વિશુદ્ધ વિદ્યાના અભાવે વિચિત્ર રીતે અનેક ગ્રંથિઓની પીડાઓની ભીંસમાં બદ્ધ માનવીને મુક્ત કરાવવા સઘન અભિયાનને અમલી બનાવવાની તાતી જરૂર છે.

વિવિધરૂપ સંસારમાં વિવિધત્વ જોનાર અજ્ઞાની છે. અનેકત્વમાં એકત્વનું દર્શન કરનાર વિજ્ઞાની છે. હારની મણિકાઓની વિવિધતામાં વિચરણ કરનાર સ્થૂળદર્શક કે સામાન્ય દર્શક છે, જ્યારે ભિન્ન-ભિન્ન મણિકાઓને ધારણ કરનાર એકરૂપ



**વેદવાણી**
**-અવધેશપ્રસાદ પાંડેય (ગાંધીનગર) - ૦૧**

અનુસ્યુત સૂત્રનો દર્શક 'વિશેષદર્શક' કે 'સુક્ષ્મદર્શક' છે. સૃષ્ટિની વિવિધતામાં ઓતપ્રોત એક સૂક્ષ્મતમ આત્મતત્વનું દર્શન જ અનેકત્વમાં એકત્ત્વનું દર્શન છે. પ્રભુની વિદ્યમાનતા સૌની અંદર છે અને સર્વે ભૂતો કે પ્રાણીઓ ઈશ્વરમાં છે - આ રીતે જોવાવાળા બધી બાજુએ પ્રભુનું જ દર્શન કરે છે. સર્વદેશ અને સર્વકાળે પરમેશ્વરને સમ્યક્ અવસ્થિત જાણીને સૌની સાથે આત્મભાવ રાખે છે. બધી જ આત્માઓનો નિવાસ પરમાત્મામાં છે તેથી સત્તારૂપે પૃથક્-પૃથક્ હોવા છતાં તેમનાથી સમ્પૃક્ત થવાનાં કારણે ભાવનાત્મક દષ્ટિએ અલગ-અલગ ન હોઈ શકે.

જેવી રીતે એક જ સૂત્ર સમાનરીતે બધા પૃથક્-પૃથક્ મણકાઓને ધારણ કરે છે, તેવી જ રીતે સૂત્રની જેમ જ પરમાત્મા સમાનરીતે બધા જ જીવાત્માને ધારણ કરે છે. જેમ બધા જ મણકાઓનો સમ્બન્ધ સૂત્ર સાથે છે, તેમ બધા જ જીવાત્માઓનો સમ્બન્ધ પરમાત્મા સાથે છે. સમ્બન્ધની દષ્ટિએ પૃથકત્વ નથી, પરન્તુ સત્તાની દૃષ્ટિએ તો પૃથકત્વ અનાદિ-અનન્ત છે. બંને તત્વો એક બીજા સાથે એવી રીતે અનુસ્યૂત છે કે તેમને પૃથક્ કરીને જોવું અતિ ગંભીર ચિન્તન માગી લે છે. નીર-ક્ષીરને પૃથક્ કરીને જોવું યથાર્થ દર્શન છે. નીરને ક્ષીર કે ક્ષીરને નીર માનવું

### શોક-મોહ ચિત્તવાળા પ્રાણીઓનો સ્વભાવ સ્વધર્મના ત્યાગવાળો અને અધર્મ અને શાસ્ત્રવિરુદ્ધ કર્મોમાં પ્રવૃત્તિવાળો થઈ જાય છે.

દર્શન નથી, પરંતુ બંનેને પૃથક સત્તાત્મક પદાર્થ તરીકે સ્વીકારીને બંનેના જુદાપણાની સાથે તેમનાં ગુણોનું દર્શન સમ્યક્ દર્શન છે, તેમજ આત્માને પરમાત્મા કે પરમાત્માને આત્મા માનવું વિવેક નથી. બંનેને ગુણ-કર્મ-સ્વભાવથી પૃથક્ જાણવું અને માનવું તે વિવેક છે. વ્યાપ્ય-વ્યાપક સંબંધ દર્શન અન્વય - દર્શન છે, જ્યારે બંનેની પૃથકતાનું દર્શન વ્યતિરેક-દર્શન છે. સર્વત્ર અન્વય-દર્શનની પ્રધાનતાને કારણે વ્યતિરેક-દર્શન ગૌણ થઈ ગયો છે તેથી આત્માને જ પરમાત્મા માની પરમાત્મા લાભથી કે પરમાનન્દથી વંચિત થઈ રહ્યાં છીએ.

ધ્યાનની અવસ્થામાં યોગાભ્યાસી સમજે છે કે તે ધ્યાતા છે અને કોઈ ધ્યેય-પ્રાપ્તિ માટે ધ્યાનાવસ્થિત થઈ પુરૂષાર્થ કરી રહ્યો છે, ધ્યાનની ઊપરની કક્ષાએ પહોંચતા ધ્યાતા અને ધ્યાન બંનેનાં જ્ઞાન=પ્રતીતિ ગૌણ થઈ જાય છે અને એકમાત્ર ધ્યેય = ઈશ્વર જ તેમની પ્રતીતિ કે અનુભુતિનો વિષય હોય છે. 'ध्यानं निर्विषयं मनः' = સાંસારિક વિષયોથી નિવૃત થઈ એકમાત્ર ઈશ્વરને ચિંતનના વિષય બનાવવું 'ધ્યાન' છે. ધ્યાન પરિપકવ થતાં સમાધિમાં ફેરવાઈ જાય છે.'तत् (ध्यानम्) एव अर्थमात्र (ईश्वरमात्र) निर्मासं समाधिः' = તે ધ્યાન જ અર્થરૂપ બની જતાં યોગીને સમાધિસ્થ = ઈશ્વરસ્થ બનાવી દે છે.

બ્રહ્મવિદ્યા વિશે આ જ અન્તિમ ઉપદેશ છે. જીવની સત્તા નિર્બીજ સમાધિમાં પણ વિદ્યમાન રહે છે. પરંતુ આવી અવસ્થામાં સ્મૃતિ, ધ્યાન અથવા અનુભૂતિનો વિષય એકમાત્ર બ્રહ્મ જ રહે છે, તેથી પોતાનાં સહિત જગતની પ્રતીતિ કે અનુભૂતિનો અભાવ જેવો રહે છે. અનુભૂતિનો અભાવ પદાર્થનો અભાવ સિદ્ધ કરતો નથી. જે સમયે જીવાત્મા પોતાનાં મનથી જે વિષય અથવા પદાર્થ સાથે સમ્બદ્ધ રહે છે, તે સમયે તે જ વિષય કે વસ્તુ = પદાર્થનાં જ ગુણને જ અનુભવે છે. ઈશ્વરની સાથે સમ્બન્ધ થતાં જગત સાથેનો સમ્બન્ધ ટૂટી જાય છે, એનો અર્થ એવો નથી કે જગતની સત્તા જ નિર્વિકલ્પ સમાધિમાં સમયે સમાપ્ત થઈ જાય છે.

(ક્રમશઃ)

# આવો આપણે ગરમીથી બચીએ

અસહ્ય ગરમીથી બચવા આપણા ઘરના બારી બારણાં આગળ ખસની ટટ્ટી લગાડીને રાખો અને તેની ઉપર પાણીનો છંટકાવ કરી ઠંડક મેળવતા થાવ. ખસની ટટ્ટી પણ સુગંધી વાળામાંથી બનાવવામાં આવે છે.

સુગંધીવાળો રતોલા લઈ કપડાંની અંદર મૂકી તેને પાણી પીવાના માટલામાં મૂકી રાખોને તેવું પાણી પીવાનું રાખો તો જરૂરથી ઠંડકનો લાભ મેળવી શકાશે.

લીલું નારિયેળ : અત્યારે શરીરને ઠંડક આપનાર (તોફા) લીલું નારિયેળ છે અને શક્તિ પણ મળે છે જે ખરેખર મનને પ્રફુલ્લિત બનાવનાર છે. શરીરને તરબતર બનાવે છે. રૂચિ પેદા કરે છે, કીડની અને બ્લેડરની તકલીફ વાળાએ આ લીલા નારિયેળનું પાણી પીવું ઘણું જ ઉત્તમ છે. મીઠું મધુરું હોઈ અને કુદરતી ગ્લુકોઝ પણ સારા એવા પ્રમાણમાં તેમાંથી મેળવી શકાય છે. અને પથરીના રોગવાળાને તો હું રોજ નારિયેળનું પાણી પીવાનું કહું છું.

ફાલસા : હૃદયને હિતકાર મનાતુ અને રૂચિકર એવા ફાલસાનું શરબત બનાવીને પીવાનું રાખો. ગરમીથી આપણને બચાવશે અને જવરઘ્ન દશેમાનીમાં ચરકે ફાલસાનો ઉપયોગ કરવાનો લખ્યો છે. તેમજ શ્રમ હર દશેમાનીમાં પણ તેનો ઉલ્લેખ કરેલો છે. તૃષાહાર છે આ ફાલસાના શરબતમાં થોડો મરીનો પાવડર નાખીને બનાવીને પીવાથી પણ ઘણો ફાયદો થાય છે તે થોડા ખાટા છે.

ટેટી : પ્રાંતિજ તરફ લાકરોડાની ટેટી સારી આવે છે. લીલી છાલની ટેટી વધારે મીઠી આવે છે. જે અંદરથી પણ લીલી હોય છે. ટેટી મીઠી અને મધુર હોઈ તૃષાને છીપાવશે. પેશાબને પણ વધારે છે. આજે ઘણા ઘરોમાં રોટલી અને ટેટી ખવાય છે તે સારું છે. પથરીના રોગવાળાએ અવશ્ય ટેટી ખાવી.

ઠંડાઈ : આ ગરમીના તાપથી બચવા ઠંડાઈ ઘરે જ બનાવીને પીવાની રાખો. જેમાં ગુલાબી, ગુલાબ, વરિયાળી, મરી, મગજતરીના બીજને દુધમાં લસોટી પાણી અને સાકર જોઈતા પ્રમાણમાં મેળવીને ઠંડાઈ બનાવીને પીવાનું રાખો તો ગરમીથી અચુક બચાશે. પરિયાળી, અને ગુલાબની પાંદડી ઠંડક આપનારી છે. ગામડામાં મહેમાન પરોણાને ગોળનું પાણી આપે છે અને શ્રમને દૂર કરે છે.

ગુલાબનું ગુલકંદ : આ ખરેખર સુલભ અને આપણે જાતે ઘરે બનાવી શકીએ તેવું અને શક્તિદાયક ગુલકંદ રોજ બે તોલા જરૂરથી ખાવ. પાલનપુર તરફ ગુલાબ પાંખડીનું દેશી ગુલાબ લાવવું તેની પાંખડીઓને સ્વચ્છ બનાવી લો. એક ચીનાઈ માટીની બરણીમાં સાકર અને ગુલાબની પાંખડીઓના થર કરી તેમાં જોઈતા પ્રમાણમાં એલચી-તજ અને માપમાં મરી આખા નાખીને ગુલકંદ બનાવી શકાય છે અને જમીનમાં એકાદ માસ રહેવા દઈ તેમાંથી રોજ ગુલકંદ બે તોલા જેટલો ખાઈ શકાય છે. આ ગુલકંદ પણ શરીરની તાસિરને ઠંડક આપશે. મધુર હોઈ બળ આપશે અને ગરમીથી બચાવશે. અમ્લતાને અટકાવશે. હાઈ બ્લડ પ્રેશરવાળા પણ લઈ શકશે. લિવર ટોનિક છે. ગોલબ્લેડસ્ટોન વાળા પણ લઈ શકશે.

લીંબુ : ખાટું હોઈ ગરમીથી થતા ઝાડાને અટકાવનાર છે. કોલેરામાં ઝાડા ઉલ્ટી થાય ત્યારે માત્ર એકલું લીંબુના રસ ઉપર રહેવાથી કોલેરા ઉપર કંટ્રોલ આવે છે.

બીજોરૂં : અગ્નિ મંદતા ઉપર બીજોરાના રેસા સીધા ગળવાના રાખો. તેમાં અગ્નિ પ્રદિપ્ત કરવાની શક્તિ છે. રૂચિ પણ પેદા કરશે. તૃષાના રોગને મટાડશે. તેના રેસામાં મરી અને સિંધવ ભભરાવીને પણ ખાઈ શકાય. બીજોરાનું અથાણું બનાવી શકાય.

દાડમ : આ ગરમીથી બચવા દાડમને કેમ ભૂલાય. તેમાં અજબ ગજબની શક્તિ છે. હૃદયને હિતકર અને રૂચિકર છે. તેમાંથી દાડિમાષ્ટકની ગોળી પણ બનાવી શકાય છે. ઝાડાના રોગમાં અને અરૂચિનાં રોગને મટાડનાર છે. સંગ્રહણીના દરદીએ અવશ્ય રોજ એક દાડમ ખાવું જોઈએ. કાબુલથી બેદાનાવાળું દાડમ આવે છે તે ખૂબ મીઠું છે.

આમ આ ગરમીથી બચવા ઋતુ અનુસારના ફળફળાદીનો ઉપયોગ અવશ્ય કરવો હિતાવહ છે. આ ઉપરાંત આહાર વિહારમાં જોઈતી કાળજી રાખવી વિશેષ જરૂરી છે. બહાર ફરવા અથવા નોકરી ધંધા ઉપર જતાં માથા ઉપર ટોપી ખાસ પહેરવી જોઈએ. અંદર ખાસ કરીને એરંડાના પાન અથવા કડવા લીમડાના પાન ટોપીની અંદરના ભાગે રાખીને માથે પહેરવાની રાખો. કહેવાય છે કે ''કડવા હોજો લીમડા ને મીઠી હોજો છાંય'' ખરેખર ગરમીથી માથાનું રક્ષણ કરી શકાશે.

આજે ટેટી બદલે લોકો તડબુચ વધારે ખાય છે તે બરોબર નથી. લાલ ભલે લાગતું હોય પણ તેનો ગુણ શરીરને માટે હિતકર નથી. આયુર્વેદે તો તેને શુક્રનાશ કરનાર કહેલ છે.

આજે બજારમાં રાયણ ખૂબ મળતાં થયા છે. તેનો પણ ભરપૂર ઉપયોગ કરો અને પંચમહાલ બાજુ તો રાયણ અને રોટલી ખાઈ તાજગી અનુભવે છે. સહેજ ચીકાશવાળું ફળ છે અને આ સીઝનમાં ગરમીથી જે સ્નિગ્ધતા જતી રહે છે અને બળ ઓછું થાય તેમાં રાયણ રોટલી કે ટેટી-રોટલી ખાઈ તૃપ્તા અનુભવાય છે. રાયણ સુકાય એટલે કોકડી બને છે અને તે પચવામાં હલકી છે. તેનું નામ જ રાજાનદ છે.

બીલી : કલકત્તા, બહાર વગેરે પ્રાંતોમાં બિલીના ફળ શ્રીફળ જેટલા મોટા આવે છે આ ઋતુમાં ગરમીથી ઝાડા થઈ જાય છે. તેમાં બીલાં ખરેખર લાભપ્રદ છે. અતિસાર અને ગ્રહણીના રોગમાં તેનો પાવડર બનાવીને લઈ શકાય છે. તેનું શરબત બનાવીને પીવાથી તાજગી અનુભવાય છે.

આ સીઝનમાં આઈસ્ક્રીમ કે ફ્રીઝનું પાણીને બદલે બીલાનું કે ફાલસાનું શરબત બનાવીને લો તો સારૂં. બીલાનું શરબત વહી જતી ધાતુને રોકે છે.

વાયુનું શમન કરનાર છે. ઝાડા દ્વારા જતી રહેતી ધાતુને રોકનાર છે. ઉલ્ટીને રોકનાર છે. રૂચિ કારક છે અને મધુર છે. સ્વપ્નદોષમાં કાચા બીલાનું અથાણું ખાવાનું કહ્યું છે. **(ચરકમાંથી સાભાર)**

**- રજનીભાઈ વૈદ્ય**

# વૈદિક જીવન પદ્ધતિ અપનાવીને જ પારિવારીક અને સામાજિક સમસ્યાઓનું સમાધાન સંભવ છે : આચાર્ય જ્ઞાનેશ્વરજી

### આધ્યાત્મિક ક્ષેત્રે શુદ્ધ જ્ઞાનના અભાવને કારણે જ આજે સમાજમાં ઈશ્વર વિષે અનેક ભ્રમાત્મક માન્યતાઓ પ્રવર્તે છે.

ઈશ્વર ઉપાસનામાં આપણું મન ન લાગવાનું મુખ્ય કારણ ઈશ્વર પ્રત્યે આપણને અનન્ય પ્રેમ અને શ્રદ્ધા નથી. ઈશ્વરની સાથે સાથે આપણે આપણા ખાનપાન, વેશભુષા, આપણી વૈદિક સંસ્કૃતિને પણ ભૂલી ચૂક્યાં છીએ. પરિણામે આપણું જીવન અસ્તવ્યસ્ત બની ગયું છે અને દેશમાં પણ અનેક નાની મોટી વિવિધ પારિવારીક અને સામાજીક સમસ્યાઓ ઉભી થઈ ગઈ છે. વાસ્તવમાં આપણે એ વાત ભૂલી ગયા છીએ કે ઈશ્વર જ આપણા સૌનો આધાર છે. આપણા સમસ્ય કાર્યો ઈશ્વર પ્રદત્ત સાધનો અને સામર્થ્યથી જ થઈ શકે છે અને થઈ રહ્યાં છે. પરંતુ આપણી પાસે ઈશ્વર વિશે પૂરી જાણકારી નથી કે નથી ઈશ્વરના મહત્ત્વ અને લાભ વિશે કોઈ જાણકારી. આમ, આધ્યાત્મિક ક્ષેત્રે શુદ્ધ જ્ઞાનના અભાવને કારણે જ આજે સમાજમાં ઈશ્વર વિષે અનેક ભ્રમાત્મક માન્યતાઓ પ્રવર્તે છે. વિવિધ સંપ્રદાયો દ્વારા અનેક જુઠી, તર્ક વિરુદ્ધ અને અવૈજ્ઞાનિક માન્યતાઓ દ્વારા લોકોને જે રીતે ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે તે ખરેખર દુઃખદ છે.



સૃષ્ટિના રચયિતા, સર્વવ્યાપક, સર્વત્ર પ્રાપ્ય, ન્યાયકારી, દયાળુ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, આનંદસ્વરુપ પરમાત્મા પ્રત્યે અનન્ય પ્રેમ ઉત્પન્ન કરી તેની પાસેથી જ્ઞાન-બળ-આનંદની પ્રાપ્તિ કરવામાં જ મનુષ્ય જીવનની સફળતા હોવાનું તેમણે જણાવ્યું હતું.

સંસારના પદાર્થોમાં સુખ તો છે પરંતુ તેની અનેક મર્યાદાઓ હોવા ઉપરાંત તે દુઃખ મિશ્રિત સુખ છે જ્યારે ઈશ્વરનું સુખ નિત્ય અને શુદ્ધ છે. તેમણે વધુમાં જણાવ્યું કે પ્રાકૃતિક સુખ તો જુઠ, છલ-કપટ, ચોરી કે અન્યાય દ્વારા પ્રાપ્ત કરી શકાય છે પરંતુ ઈશ્વરીય સુખ તો ઈશ્વરના આદેશાનુસાર ચાલવાથી અને યોગાભ્યાસના માધ્યમથી જ પ્રાપ્ત થઈ શકે છે. પ્રાકૃતિક સુખની અપેક્ષા ઈશ્વરીય સુખના મહત્તા વધુ હોવા બાબતે સમજાવતાં તેમણે જણાવ્યું હતું કે પ્રાકૃતિક સુખ કોઈ વ્યક્તિ છીનવી શકે છે, ચોરી શકે છે, તેમાં ભાગ પડાવી શકે છે વળી તે જ્યારે જોઈએ ત્યારે તેટલી માત્રામાં, એ જ સ્વરુપમાં મળવું હંમેશા શક્ય હોતું નથી, બીજી તરફ ઈશ્વરનું સુખ કોઈ છીનવી શકતું નથી, ચોરી શકતું નથી કે તેમાં ભાગ પડાવી શકતું નથી. ઈશ્વરનું સુખ સર્વત્ર ઉપલબ્ધ છે અને તેનાંથી વ્યક્તિ ક્યારેય ઉબતો નથી, કંટાળતો નથી. ઈશ્વરનું સુખ પ્રાકૃતિક સુખની જેમ દુઃખ મિશ્રિત ન હોવાથી તે શુદ્ધ અને નિત્ય સુખ કહેવાય છે.

વર્તમાન સમયમાં માણસ ભોગવાદ અને પૈસા પાછળ દોટ મૂકી રહ્યો છે. પરિણામ સ્વરુપે આજનો મનુષ્ય સ્વાર્થી, લંપટ અને લાલચુ બની ગયો છે. વેદમાં ત્યાગ પૂર્વક ભોગવવાનો આદેશ આપ્યો છે. જો મનુષ્ય વૈદિક જીવન પદ્ધતિને અપનાવે તો આપણી અનેક પારિવારીક અને સામાજીક સમસ્યાઓનું સમાધાન થઈ શકે તેમ છે. **(આચાર્ય જ્ઞાનેશ્વરજીના પ્રવચનમાંથી સાભાર)**

# કાળા કાયદા હેઠળ વગર તપાસે અને પુરાવાએ પકડી લેવાયેલા નવલોહિયા યુવાનોથી જેલો ઉભરાતી હતી

ડિસેમ્બર ૧૯૨૨ માં દાસબાબુંના પ્રમુખપદે ગયા ખાતે યોજાયેલ કોંગ્રેસના વાર્ષિક અધિવેશનમાં ધારાસભાના બહિષ્કારની કોંગ્રેસની નીતિ બાબતે ભારે મતભેદ અને વિવાદના અંતે દાસબાબુએ રાજીનામું આપી, મોતીલાલ નહેરુના સહકારથી ‘સ્વરાજ પક્ષ’ રચ્યો. ધારાસભાઓમાં પ્રવેશી સ્વતાંત્રતાની લડત ચલાવવાની આ જૂથની નેમ હતી. સુભાષબાબુ દાસબાબુની પડખે રહ્યા અને જૂથમાં મુખપત્ર ‘ફોરવર્ડ’ના તંત્રીની જવાબદારી ઉપાડી લીધી.

દેશબંધુદાસ, સુભાસચંદ્ર બોઝ, પંડિત મોતીલાલ અને વિઠ્ઠલભાઈ પટેલ જેવી ત્યાગમુર્તિઓ અને પ્રતિભાઓએ સ્વરાજ્ય પક્ષને રાષ્ટ્રીય પક્ષ તરીકે ઉપસાવ્યો. એકાદ વર્ષમાં તો કોંગ્રેસને પણ તેના સભ્યો ચૂંટણીમાં ભાગ લઈ શકે તેવો ઠરાવ કરવાની ફરજ પડી. અને ૧૯૨૪માં તો ગાંધીજીએ પોતે સ્વરાજ્ય પક્ષને આશીર્વાદ આપ્યા અને તેના કાર્યક્રમને મંજૂરી આપી. સુભાષે પક્ષ માટે તનતોડ મહેનત કરી. અખબારને પ્રભાવશાળી બનાવ્યું. થોડા સમયમાં ‘ફોરવર્ડ’ દેશના અગ્રણી રાષ્ટ્રવાદી દૈનિકોમાં સ્થાન પામ્યું. સુભાષબાબુએ ‘અખિલ બંગાળ યુવા લીગ’ની રચના કરી. ૧૯૨૪ ની શરૂઆતમાં સ્વરાજ પક્ષ કેંદ્રીય ધારાસભામાં મજબૂત લઘુમતી જૂથ તરીકે ઉપસી આવ્યો. બંગાળ અને મધ્ય પ્રાંતની ધારાસભાઓ પર તેનો કાબૂ આવ્યો. એપ્રિલ ૧૯૨૪ની કલકત્તાની મહાનગરપાલિકામાં ભવ્ય વિજય મેળવ્યો. કલકત્તા કોર્પોરેશનના મેયર ચિત્તરંજનદાસ હતા. ત્યારે



ભારતની સ્વતાંત્રતાના વીર નાયક

**સુભાષચંદ્ર બોઝ**

-ચૈતન્ય દેસાઈ (૬)

સુભાષબાબુ ત્યાં મુખ્ય કાર્યકારી અધિકારી નિમાયા. ૨૭ વર્ષની યુવા ઉંમરે સુભાષબાબુએ તેમના વહીવટી કૌશલ્યનો પરિચય આપ્યો. કલકત્તાને સુદર અને સ્વચ્છ બનાવવાનું બીડું ઝડપ્યું. લોકહિતના અનેક કાર્યો ઉપાડ્યા. કુટિર ઉદ્યોગોને લોન મળી. કર્મચારીઓને ખાખી દેશી ગણવેશ મળ્યો. પ્રાથમિક શિક્ષણ મફત થયું. રસ્તાનાં નામો બદલાવ્યા. કંપની સરકારના ‘બહાદુરો’ ની જગ્યાએ રાષ્ટ્રભક્તોના નામોથી જાહેર માર્ગો શોભવા લાગ્યા. ખાદી મુખ્ય પોશાક બન્યો. સ્વાસ્થ્ય મંડળો અને ગરીબો માટે નિઃશુલ્ક દવાખાનાં અને બાળકો માટે મફત દૂધ કેન્દ્રો શરૂ થયાં. આવાં અનેકવિધ પ્રગતિકારક ફેરફારો તથા પોતાના પગારનો માત્ર અડધો જ ભાગ સ્વીકારવાના સુભાષના નિર્ણયે લોક-લાગણીને જીતી લીધી. તેમણે પોતાની રાજકીય પ્રવૃત્તિને પણ અંકુશિત કરી. અનન્ય નિષ્ઠાથી શહેરની સેવા કરી રોજ સોળથી અઢાર કલાક કામ કરનાર સુભાષ તથા તેના લેખો, ભાષણો રાષ્ટ્રના યુવાનોની ચેતના-સાહસને ઢંઢોળતા રહ્યા.

આની સાથે-સાથે સુભાષ ઉપરથી તો કોંગ્રેસની અંદર હતા પણ તે ક્રાંતિકારીઓ સાથે પણ સહાનુભૂતિ રાખતા હતા. તેમની સાથે હળતા મળતા રહેતા હતા. ચૌરી-ચૌરાના બનાવ પછી ક્રાંતિકારી આંદોલન વેગથી ચાલ્યું. તેની નવી શાખાઓ સ્થપાવા લાગી. બંગાળનું ક્રાંતિકારી દળ ઘણું જોશભેર કાર કરતું હતું. આથી સરકારે ઘણાં વિચાર વિમર્શ પછી ૧૯૨૪માં એક ‘કાળો કાયદો’ ‘બંગાળ ક્રિમિનલ લો એમેન્ડમેન્ટ એક્ટ’ નામનો નામચીન બનેલો કાયદો ગવર્નરના વટહુકમ સ્વરૂપે બહાર પાડ્યો. આ કાયદાનો ગેરવાજબી ઉપયોગ સુભાષને જેલભેગા કરવામાં થયો.

સુભાષની સિદ્ધિઓ ‘ફોરવર્ડ’ દ્વારા સરકારનાં કામો અંગે સ્પષ્ટ અને નિર્ભિક વિવેચન, અડગ વલણ, અને લોકચાહના, બ્રિટિશ સરકારને આંખના કણાની જેમ ખૂંચતાં હતાં. અને સરકારને એક બહાનું મળ્યું.

બંગાળના એક ગામમાં થયેલા હુલ્લડ સમયે પોલિસે ગામની બહેનો પર કરેલા અત્યાચારની તપાસમાં અંગ્રેજ અમલદારોએ પોલિસોને નિર્દોષ ઠેરવ્યા. અને ઉપરથી ગામની સ્ત્રીઓ પર જૂઠા આરોપો કર્યાનું આળ મુક્યું. પરિસ્થિતિ વણસી અને ગોપીનાથ સાહા નામના યુવકે એ અંગ્રેજ અમલદારને વીંધી નાંખ્યો. ગોપીનાથે ભરી કોર્ટમાં કબુલ કર્યું, ‘મારે તો પોલિસ કમિશ્નર ટેગાર્ટની છાતીમાં જ ગોળી મારી દેવી હતી. પરંતુ સદ્‌નસીબ એનું અને કમનસીબ મારું ! આંખે દગો દીધો. નિશાન ચૂકી ગયો.’ અંગ્રેજ સરકારે ગોપીનાથને ‘ડે’ ની હત્યાના ગુના બદલ ફાંસીની સજા ફરમાવી. લોકોએ તેને બચાવવા યથાસંભવ પ્રયાસ કર્યા પરંતુ સરકારે નિર્દયતાથી તેને ફાંસી પર લટકાવી દીધો. સુભાષબાબુ ક્રાંતિકારીઓને સીધી કે આડકતરી મદદ કરે છે તેવા સંદેહ સાથે ૨૫ ઓક્ટોબરે તેમની ધરપકડ થઈ. ત્યારબાદ સુભાષને બર્હાનપુર જેલમાં રાખ્યા. ૧૯૨૫ના જાન્યુઆરીમાં બ્રહ્મદેશની માંડલે જેલમાં તેમને ખસેડવામાં આવ્યા. માત્ર ભાવનાઓના આવેગથી જ નહીં પણ કુનેહપૂર્વકની વ્યૂહરચના દ્વારા રાજકીય લડત લડતા યોદ્ધાને ભારતની બહાર મોકલી દેવાયા. આ સમયે કાળા કાયદા હેઠળ વગર તપાસે અને વગર પુરાવાએ પકડી લેવાયેલા નવલોહિયા યુવાનોથી જેલો ઉભરાતી હતી. **(ક્રમશઃ)**

# ઈશ્વરને જાણ્યા વિના મનુષ્ય સમસ્ત કલેશોથી છૂટી શકતો નથી

**ઈશ્વર-પ્રાપ્તિ**

૬. આ ઈશ્વર પ્રાપ્તિ લક્ષ્યને દ્રઢ બનાવવા માટે મનુષ્યએ હરેક સમયે તે લક્ષ્યને ધ્યાનમાં રાખવું પડે છે. અત્યંત પુરુષાર્થ કરવો પડે છે. તેથી લગાતાર બધાં કાર્યો ઈશ્વર-પ્રાપ્તિને માટે હોવા જોઈએ. તેમ હોવા છતાં પણ જીવન શું છે, શા માટે છે વગેરે સુક્ષ્મ વિષયોના વિષયમાં પણ વિચારતાં રહેવું જોઈએ.

૭. ઈશ્વર જ્યારે સ્વયં વેદોમાં કહી રહ્યો છે કે મને જાણ્યા વિના મનુષ્ય સમસ્ત કલેશોથી છૂટી શકતો નથી, તેનાથી અલગ બીજો કોઈ માર્ગ નથી. તેથી સત્યાગ્રહી વ્યક્તિ ઈશ્વર અને વેદની વાતોને માની લે છે અને તે વાતોની વિરૂદ્ધ જે પોતાની વાત છે તેને ઠુકરાવી દે છે, ત્યારે તેને ઈશ્રવની પ્રાપ્તિ થાય છે. તેનાથી વિપરીત અસત્યાગ્રહી મનુષ્ય પોતાની વાતને વળગી રહે છે અને તેના વિરૂદ્ધ જે વાતો ઈશ્વર અને વેદની છે તેને ઠુકરાવી દે છે, તેથી તેને ઈશ્વરની પ્રાપ્તિ કદી થઈ શકતી નથી.

**સત્યોપદેશ - ૨**



ઉપદેશક - સ્વામી સત્યપતિજી

અનુ.- જયાબેન પોરિયા (યુકે) ૦૨

૮. કેવળ ઈશ્વરના જ આલંબનથી બધાં દુઃખોની નિવૃત્તિ થઈ શકે છે, બીજા કોઈ આ બંધનથી નથી થઈ શકતી.

૯. એક મનુષ્ય સવારે ઉઠતા વેંત સાંસારિક વસ્તુઓથી સંબંધ તોડીને ઈશ્વર સાથે સંબંધ તોડીને ઈશ્વર સાથે સંબંધ જોડી લેતો હોય છે. બીજો મનુષ્ય ઈશ્વર સાથે સંબંધ તોડીને સાંસારિક વસ્તુઓ સાથે સંબંધ જોડી લે છે. તેમાં પહેલાંની રીત કલ્યાણ કારી છે અને બીજાની હાનિકારક છે.

૧૦. ઈશ્વરના ગુણોને જાણવાથી તેના પ્રત્યે પ્રેમ, આકર્ષણ વધે છે. જ્યારે એમ ખબર પડે છે કે ઈશ્વર અમારા બધાથી ઉત્તમ હિતેશરી બધાથી અધિક કલ્યાણકારી છે ત્યારે ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા, પ્રેમ, આકર્ષણ વધે છે.

૧૧. જો મનુષ્ય આંખ, મન વગેરે ઈન્દ્રિયો પર અસંયમ રાખીને કોઈ વિષયને સુખ દ્રષ્ટિથી ભોગવી રહ્યો હોય તો તે ઈશ્વરથી જોડાઈ શકતો નથી.

૧૨. જ્યાં સુધી મનુષ્ય જિતેન્દ્રિય, વિદ્વાન, ધર્માત્મા હોતો નથી ત્યાં સુધી ઈશ્વરને જાણી શકતો નથી.

૧૩. જીવ જ્યારે બીજાને માટે કોઈ પણ ઉપકાર કરે છે ત્યારે તે ઈશ્વરની સહાયતાથી કરે છે, તેના વિના કિંચિતમાત્ર પણ કરી શકતો નથી. જ્યારે મનુષ્ય આ પ્રકારના સિદ્ધાંતોને સરખી રીતે જાણીને મનમાં બેસાડી લેતો હોય છે ત્યારે તે વાસ્તવમાં મનુષ્ય બને છે અને તેની ઈશ્વરમાં શ્રદ્ધા, રૂચી વધે છે. તેથી સમસ્ત ધન્યવાદ, કૃતજ્ઞતા, શ્રેય વગેરે ઈશ્વરને જ જાય છે. પરંતુ તેની સાથે સાથે જીવાત્મા આ સાધનો હોવાથી કર્મ કરવામાં સ્વતંત્ર છે જ્યારે મનુષ્ય એવું જ્ઞાન વ્યવહારમાં લાવે છે ત્યારે સઘળાં કાર્ય કરતો રહી ઈશ્વરની અનુભૂતી કરે છે.

૧૪. અપરંપાર મહિમાવાળા ઈશ્વરને જાણીને મહાન ધૈર્ય પ્રાપ્ત થાય છે. જ્યારે વ્યક્તિ આ જુવે છે કે હું સ્વયં કંઈ પણ નથી કરી શકતો અને પ્રકૃતિ જડ હોવાથી કંઈ નથી કરી શકતી, તેથી એક ઈશ્વર જ એવા બચે છે જેમાં એટલાં શક્તિ-સામર્થ્ય છે કે તે બધું કરી શકે છે. ઈશ્વર પ્રકૃતિના પરમાણુંઓથી સૃષ્ટિને બનાવે છે, પાલન કરે છે અને વિનાશ પણ કરે છે. આપણે આ ઈશ્વરના દીધેલાં સામર્થ્ય, જ્ઞાન, બળ, સાધનોથી આપણે થોડું નિર્માણ, પાલન અને વિનાશ કરવામાં સમર્થ થઈ શકીએ છીએ.

૧૫. આપણે જે જ્ઞાન, બળ વગેરે પ્રાપ્ત કરીએ છીએ તે બધું નૈમિત્તિક છે. પરંતુ જો આપણા આ સ્વાભાવિક ગુણ ન હોત તો કોઈ જ્ઞાન પ્રાપ્ત થઈ શકવાની શક્યતા હોત નહીં. આવું ન હોત તો જડ પદાર્થને પણ જ્ઞાન હોવું જોઈએ, પણ નથી હોતું. તેવી જ રીતે સમસ્ત પદાર્થોનું જાણવું જોઈએ કે કાર્ય છે તો કારણ પણ હશે જ. જ્યાં સુધી મનુષ્યનાં મન-મસ્તિષ્કમાં એમ નથી થતું કે જે કંઈ છે તે બધું જ ઈશ્વરનું જ છે, હું જે કંઈક કરી રહ્યો છું તે ઈશ્વર પ્રદત્ત સામર્થ્યથી કરી રહ્યો છું, ત્યાં સુધી મનુષ્ય સ્વસ્વામી-સંબંધ, મિથ્યા અભિમાન વગેરે દોષોથી બચી શકતો નથી.

૧૬. ઈશ્વર કદી દુઃખી હોતા નથી કારણ કે તેમનામાં અતિશય યથાર્થ જ્ઞાન છે અર્થાત ઈશ્વર જેટલું યથાર્થ જ્ઞાન બીજા કોઈમાં નથી., તે સર્વજ્ઞ છે. તેથી જેને યથાર્થ જ્ઞાન હોય છે તે સંસારમાં અધિક સુખી જોવામાં આવે છે.

**(ક્રમશઃ)**




ઘેર બેઠા ગુરૂકુલમાં લટાર મારો...

www.santodhavramvedicgurukul.com


# दृते दृ ँह मा मित्रस्य मा चक्षुषा सर्वाणि भूतानि समीक्षन्ताम्। मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे। मित्रस्य चक्षुषा समीक्षामहे।।

(यजु० अ.३६/मं.१८)

**ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप**

**३१** संकलन : स्वामी ध्रुवदेवजी परिव्राजक
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**पदार्थ १ :-**

(दृते) अविद्यान्धकारनिवारक जगदीश्वर विद्वन् वा ! जिससे (सर्वाणि) सब (भूतानि) प्राणी (मित्रस्य) मित्र की (चक्षुषा) दृष्टि से (मा) मुझको (सम्, ईक्षन्ताम्) सम्यक् देखें (अहम्) मैं (मित्रस्य) मित्र की (चक्षुषा) दृष्टि से (सर्वाणि, भूतानि) सब प्राणियों को (समीक्षे) सम्यक् देखूँ इस प्रकार सब हम लोग परस्पर (मित्रस्य) मित्र की (चक्षुषा) दृष्टि से (समीक्षामहे) देखें इस विषय में हमको (दृ ँह) दृढ़ कीजिए।

(ऋ.दया. कृत यजुर्वेदभाष्य)

**पदार्थ २ :-**

हे (दृते) सर्वदुःखविदारक परमात्मन् ! तू (मा) मुझको संन्यास धर्म में (दृ ँह) बढ़ा। हे सर्वमित्र ! तू (मित्रस्य) सर्वसुहृद् आप्तपुरुष की (चक्षुषा) दृष्टि से (मा) मुझको सब का मित्र बना। जिससे (सर्वाणि) सब (भूतानि) प्राणिमात्र मुझको मित्र की दृष्टि से (समीक्षन्ताम्) देखें और (अहम्) मैं (मित्रस्य) मित्र की (चक्षुषा) दृष्टि से (सर्वाणि भूतानि) सब जीवों को (समीक्षे) देखूँ। इस प्रकार आप की कृपा और अपने पुरुषार्थ से हम लोग एक दूसरे को (मित्रस्य चक्षुषा) सुहृद्भाव की दृष्टि से (समीक्षामहे) देखते रहें।

(संस्कार विधि)

**व्याख्यान १ :-**

इस मन्त्र का अभिप्राय यह है कि मनुष्य लोग आपस में सब प्रकार के प्रेमभाव से सब दिन वर्त्तें। और सब मनुष्यों को उचित है कि जो वेदों में ईश्वरोक्त धर्म है, उसी को ग्रहण करें और ईश्वर से प्रार्थना करनी चाहिए जिससे धर्म में निष्ठा होवे। जैसे –

हे (दृते) सब दुःखों का नाश करने वाले परमेश्वर ! आप मेरे उपर ऐसी कृपा कीजिये कि जिससे मैं सत्यधर्म को यथावत् जानूँ (मित्रस्य मा चक्षुषा सर्वाणि०) और सब प्राणी मुझ को पक्षपातरहित मित्र की दृष्टि से प्रेमभाव से सदा देखें अर्थात् मेरे मित्र या बन्धु हो जायें। ऐसी इच्छा से युक्त (दृ ँह मा) मुझको सत्य सुख और शुभ गुणों से सदा बढ़ाईये। (मित्रस्याहं चक्षुषा सर्वाणि०) इसी प्रकार से मैं भी सब मनुष्यादि प्राणियों को प्रेम बुद्धि से देखूँ अर्थात् अपना मित्र जानूँ और हानि, लाभ, सुख और दुःख में अपने आत्मा के समतुल्य ही सब जीवों को मानूँ (मित्रस्य चक्षुषा समीक्षामहे) हम सब लोग आपस में मिलके सदा मित्रभाव रखें और सत्यधर्म के आचरण से सत्यसुखों को नित्य बढ़ावें। जो ईश्वर का कहा यह धर्म है, यही एक सब मनुष्यों को मानने के योग्य है। **(ऋ.भा.भू. वेदोक्तधर्मविषय)**

**व्याख्यान २ :-**

हे अनन्तबल महावीर ईश्वर ! “दृते” हे दुष्टस्वभाव नाशक ! विदीर्ण कर्म अर्थात् विज्ञानादि शुभ गुणों का नाशकर्म करने वाला मुझको मत रखो (मत करो) किन्तु उससे मेरे आत्मादि को विद्या, सत्य धर्मादि शुभ गुणों में सदैव अपनी कृपा=सामर्थ्य से स्थित करो।

“दृ ँह मा” हे परमैश्वर्यवन् भगवन् ! धर्मार्थकाममोक्षादि तथा विज्ञानादि दान से अत्यन्त मुझको बढ़ा।

“मित्रस्य मा चक्षुषा सर्वाणि०” हे सर्वसुहृदीश्वर सर्वान्तर्यामिन् ! सब भूत प्राणिमात्र मित्रदृष्टि से यथावत् मुझको देखें सब मेरे मित्र हो जायें, कोई मुझसे किञ्चिन्मात्र भी वैर न करे।

“मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि०” हे परमात्मन् ! आप की कृपा से मैं भी निर्वैर होके सब भूत प्राणी और अप्राणी चराचर जगत् को मित्रदृष्टि से अपने प्राणवत् प्रिय जानूँ, अर्थात् “मित्रस्य, चक्षुषेत्यादि” पक्षपात छोड़कर के सब जीव देहधारीमात्र अत्यन्त प्रेम से परस्पर अपना वर्त्ताव करें।

अन्याय से युक्त होके किसी पर कभी हम लोग न वर्त्तें। यह परमधर्म का सब मनुष्यों के लिये परमात्मा ने उपदेश किया है, सब को यही मान्य होने के योग्य है।

(आर्याभि.)

**भावार्थ :-**

(ईश्वर का उपदेश है कि – ) वे ही धर्मात्मा जन हैं जो अपने आत्मा के सदृश सम्पूर्ण प्राणियों को मानें, किसी से भी द्वेष न करें और मित्र के सदृश सबका सदा सत्कार करें। (ऋ.दया. कृत यजुर्वेदभाष्य)

**टिप्पणी :-**

(क) ईश्वर सब जीवों से स्नेह या प्रीति करता है या सब का सुख चाहता है, इसलिये वह ‘सर्वमित्र’ है। सर्वान् स्निह्यति स्निह्यते वा सर्वैः स सर्वमित्रः। और सब जीवों को ईश्वर से प्रीति करनी चाहिए इस कारण से भी ईश्वर ‘सर्वमित्र’ कहाता है।

(ख) जीवात्मा में विद्यमान अविद्या को, दुष्ट स्वभाव को दूर करने से तथा जीव के दुःखों का नाश करने से ईश्वर को या विद्वान् को ‘दृति’ कहते हैं।

(ग) मनुष्य अपने पुरुषार्थ व ईश्वर की सहायता से ही धर्ममार्ग में दृढ़ता को प्राप्त होता है।

(घ) ईश्वराज्ञा है कि सब प्राणियों से प्रेम करो अर्थात् उनका सर्वदा सुख चाहो व उसके लिए यथाशक्ति प्रयत्न भी करो। यह वेदोक्त धर्म सब मनुष्यों को मानने योग्य है।

(ङ) ईश्वर से हमें सत्य धर्म का ज्ञान, मोक्ष व विज्ञानादि की प्राप्ति होती है।

(च) ‘ञिमिदा स्नेहने’ इस धातु से औणादिक क्त्र प्रत्यय के होने से ‘मित्र’ शब्द सिद्ध होता है। मेद्यति स्निह्यति स मित्रः अर्थात् जो सबसे स्नेह या प्रीति करता है उसे ‘मित्र’ कहते है।

(छ) दृ विदारणे (क्रया.) धातु से ‘ति’ प्रत्यय व ह्रस्व उणादिसूत्र से होकर ‘दृति’ शब्द सिद्ध होता है।

(ज) दृहि वृद्धौ (भ्वा.) धातु से लोट् लकार में ‘दृंह’ पद सिद्ध होता है जिसका अर्थ है ‘वर्धय’ अर्थात् बढ़ा।

**(ક્રમશઃ)**


**અગ્નિપથ**

➩ સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
➩ વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
➩ વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
➩ બાળકો માટે ઉપદેશ કથા.
➩ સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
➩ વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
➩ ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
➩ રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

**વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.





વૈચારિક ક્રાંતિ માટે વાંચો
મહર્ષિ દયાનંદ સરસ્વતી કૃત
**સત્યાર્થ પ્રકાશ**
દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ

# છતીસગઢમાં સ્વામી શાંતાનંદજીની વેદપ્રચાર યાત્રા સફળતાપૂર્વક સંપન્ન



સંત ઓધવરામ વૈદિક ગુરુકુલ, ભવાનીપુરના આચાર્ય સ્વામી શાંતાનંદજી તાજેતરમાં જ છતીસગઢના રાયગઢ જીલ્લામાં વેદપ્રચાર કરીને પરત આવ્યા છે. આ યાત્રોમાં સૌપ્રથમ સ્વામી શાંતાનંદજીની અધ્યક્ષતામાં તુસૌર નગરમા છતીસગઢ આર્ય પ્રતિનિધિ સભાઆ પ્રધાન આચાર્ય શ્રી અંશુદેવજીના મુખ્ય અતિથિ પદમાં આચાર્ય શ્રી રણવીરજી દર્શનાચાર્યના બ્રહ્મત્વમાં ૨૧ કુંડીય યજ્ઞનું આયોજન શ્રી વલ્લભપ્રસાદજી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પુસૌર નગર તથા તેની નજીકના ગામોના અનેક ધર્મપ્રેમીઓએ ભાગ લઈને યજ્ઞમાં આહૂતી પ્રદાન કરી હતી. યજ્ઞના મુખ્ય યજમાન શ્રી અશોક કુમાર મહાણાએ સપત્નીક યજ્ઞમાં ભાગ લઈને સમગ્ર કાર્યક્રમના આયોજનમાં પોતાનું મહત્વપુર્ણ યોગદાન આપ્યું હતું.

આ પ્રસંગે આચાર્ય અંશુદેવજીએ પોતાના સરળ સહજ ભાવથી પ્રવચન પ્રસ્તુત કર્યું હતું. તેમણે દયા-દાન-સેવા-ભક્તિ આ ચાર શુભ કર્મોને ધારણ કરવા તથા હત્યા-મિથ્યા-ચોરી-જારી(વ્યભિચાર) આ ચાર અશુભ કર્મોનો ત્યાગ કરવા પ્રેરણા આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આમ કરવાથી જ મનુષ્ય જીવન મહાનતા તરફ અગ્રેસર થઈ શકે છે. અનેક ઉદાહરણો સાથે આચાર્યજીએ ઉપસ્થિત જનમાનસને ધાર્મિકતા તરફ આગળ વધવાનો ઉપદેશ આપ્યો હતો. આ પ્રસંગે આચાર્યજીએ પુસૌરના મંદિર ચોકમાં વેદમંદિરની સ્થાપના માટે જમીનની માંગણી પણ કરી હતી તેમની આ માંગને હાજર રહેલા નગર પંચાયત અધ્યક્ષે તરત જ મંજુર કરી હતી. આ માટે સભામાંથી જ ૧.૫૦ જેટલી રકમ પ્રાપ્ત થઈ હતી.

સ્વામી શાંતાનંદજીએ સૌપ્રથમ યોગ-ધ્યાનનો અભ્યાસ કરાવ્યો હતો. અને યજ્ઞ કરવાથી થતા લાભ અને તેનું મહત્વ પણ સમજાવ્યું હતું. આચાર્ય રણવીરજીએ યજ્ઞ સંપાદિત કરાવ્યો હતો. આ પ્રસંગ છતીસગઢ આર્યવીર દળના પ્રાંતિય સંચાલક શ્રી જનકરામ આર્ય પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને અંતે શ્રી વલ્લભપ્રસાદજીએ ઉપસ્થિત મહાનુભાવોનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમ બાદ પુસૌરમાં જ શ્રી ઘનશ્યામભાઈ મહાણાના નિવાસ્થાને સ્વામી શાંતાનંદજી દ્વારા નામકરણ સંસ્કાર સંપન્ન કરાવવામાં આવ્યા હતા. ત્યાર બાદ આર્યસમાજ પુસૌરના વાર્ષિક ઉત્સવમાં સ્વામીજીના બ્રહ્મત્વમાં યુજર્વેદ પારાયણ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે શ્રી ઘનશ્યામભાઈ મહાણાજીના પરિવારમાં છેલ્લા ૨૫ વર્ષથી આર્યસમાજ પુસૌરમાં વેદ પરાયણ યજ્ઞ કરાવવામાં આવી રહ્યો છે. આ વખતે ગુરુકુલ કાંગડીના સ્નાતક શ્રી નારાયણ વેદાલંકાર, ગુરુકુલ ભવાનીપુરના બ્રહ્મચારી શ્રી વૈકુંઠજી આર્ય, આર્યપંડિત શ્રી પિતાબંર જી હોતા તથા શ્રી રમનદાસની દ્વારા વેદપાઠ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુરુકુલ કુંદુલીથી પધારેલા શ્રી કૈલાસજી સ્વાઈ દ્વારા ઉડિયા ભાષામાં મધુર ભજનોપદેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સ્વામી શાંતાનંદજીએ માંસ-મદિરા જેવા દુર્વસનોથી થતી હાનીઓ સમજાવી અને તેનો ત્યાગ કરવાની પ્રેરણા આપી હતી. તેમણે ઘરને સ્વર્ગ કેવી રીતે બનાવવું તેના મહત્વપૂર્ણ ઉપાયો પણ બતાવ્યા હતા. આ વાર્ષિકોત્સવ દરમ્યાન સ્વામીજી દ્વારા યજ્ઞના સંયોજક શ્રી કિર્તન મહાણાના પૌત્રના મુંડન સંસ્કાર તથા કર્ણભેદ સંસ્કાર પણ કરાવવામાં આવ્યા હતા.

પોતાની આ પ્રચાર યાત્રા દરમ્યાન સ્વામી શાંતાનંદજી દ્વારા છતીસગઢ સભાના પ્રધાન આચાર્ય અંશુદેવજી સહિતના અન્ય વિદ્વત્તાગણ સાથે ઓરીસ્સાના સીમાવર્તી ગામ લારા સ્થિત યોગાશ્રમમાં પણ સત્સંગ અને ભજનોપદેશનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

રાયગઢની પુસૌર નગર પંચાયત કે જે સ્વામી શાંતાનંદજીનું જન્મ સ્થળ છે ત્યાં સ્વામીજીની પ્રેરણાથી બીજી મહિલા આર્યસમાજની સ્થાપના કરવામાં આવી હતી. એક વર્ષ પહેલાં પ્રથમ મહિલા આર્યસમાજની સ્થાપના કરવામાં આવી હતી. સ્વામીજીના કાર્યક્રમની વિશેષતા એ છે કે છેલ્લા સાત વર્ષથી ૨૧ કુંડીય યજ્ઞનું આયોજન સ્વામીજીના બ્રહ્મત્વમાં તેમના પરિવારજનો દ્વારા આયોજીત કરવામાં આવે છે. સ્વામીજીના પિતાજી પણ એક કુશળ ભજનોપદેશક છે અને તેઓ સ્વામીજના આ પ્રચાર કાર્યમાં તેમને સહયોગ કરે છે.

# આર્યસમાજ ઘાટકોપર ખાતે મહિલા જાગૃતિ સંમેલન યોજાયું



આર્યસમાજ, ઘાટકોપરના પંડિત શ્રી યોગેશ શાસ્ત્રીના સાનિધ્યમાં ૧૬મી જાન્યુઆરી ૨૦૧૪ થી ૧૫મી એપ્રિલ, ૨૦૧૪ સુધી મહિલા ઉત્થાન અને યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૭૦ જેટલી મહિલાઓએ ભારે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ શિબિરના આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ આજના ભૌતિક યુગમાં અને પશ્ચિમી સંસ્કૃતીએ આજના માનવજીવનને જે રીતે ખોખલું બનાવી દીધું છે તેમાંથી બહાર આવવાનો તથા આપણું કર્તવ્ય, ચારિત્રવાન બાળકોનું નિર્માણ, માનવજીવનમાં સંસ્કારનું મહત્વ, જપ,તપ, ધ્યાન, આસન, પ્રાણાયામ તેમજ નીરોગી જીવન જેવા અનેક વિષયો પર ગહન ચિંતન કરવામાં આવ્યું હતું.

આ શિબિરના સમાપન સમારંભ પ્રસંગે શ્રીમતી હેમલતાબેન પારસીયાની અધ્યક્ષતામાં મહિલા જાગૃતિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સાત કુંડી યજ્ઞથી કરવામાં આવી હતી. આ સંમેલનમાં મુખ્ય અતિથિ તરીકે દહીંસરના સમાજ સેવિકા શ્રીમતી રેખાબેન પરમાર હતા. તેમણે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, મહિલાઓ જ્યારે પણ ઘરની બહાર નીકળે છે ત્યારે તેમણે સાવધાન રહેવાની જરૂર છે. દરેક મહિલાઓએ પોતાના સ્વબચાવ માટે સાથે હથિયાર રાખવાનો અનુરાધ કરતાં ૧૦૦ ટકા મતદાન કરવાનો અનુરોધ કર્યો હતો.

સંમેલનના અતિથિ વિશેષ શ્રીમતી લેખાબેન પટેલે જણાવ્યું હતું કે, યોગ એ તો આત્મા અને પરમાત્માને જોડે છે માટે આપણે નિયમિત યોગ કરી પરમાત્માને સમર્પિત થવું જોઈએ.

આ સંમેલનમાં શ્રીમતી અરૂણાબેન પ્રેમજીયાણી ( યોગ શિક્ષિકા, બોરિવલી તથા શ્રીમતી નેહા પોકાર ( યોગ શિક્ષિકા, ઘાટકોપર)નું વિશેષ સન્માન કરવામાં આવું હતું. આ પ્રસંગે શ્રીમતી અરૂણાબેને જણાવ્યું હતું કે, યોગ શબ્દ એ વિશેષ શબ્દ છે અને યોગનું જ્ઞાન એ વિશિષ્ટ જ્ઞાન છે. તેમણે નિયમિત આસન અને પ્રાણાયામ કરવાની પ્રેરણા આપતાં જણાવ્યું હતું કે, આનાથી આપણું શરીર સ્વસ્થ અને રોગમુક્ત રહે છે. તેમણે આસન-પ્રાણાયામની સાથે સાત્વિક આહાર લેવાની સલાહ પણ આપી હતી.

વૈદિક વિદુષિ પૂજ્ય માતા જયાબેન પટેલે પોતાના આશીર્વચનમાં જણાવ્યું હતું કે, આપણે બીજાને મદદરૂપ થઈએ અને પોતાની રક્ષા સાથે સાથે બીજાની રક્ષા પણ કરીએ. તેમણે મહિલાઓને આવાવ વિશેષ કાર્યો કરતા રહેવા આહવાન કર્યું હતું.

મહિલા જાગૃતિ સંમેલનના અધ્યક્ષ શ્રીમતી હેમલતાબેને પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે આવી શિબિરોનું આયોજન હંમેશા થતું રહે અને મહિલાઓમાં જાગૃતિ આવે અને આવી શિબિરના જ્ઞાનથી મહિલાઓ નિર્ભિક બને છે.

શિબિર અને મહિલા જાગૃતિ સંમેલનના સંયોજક પંડિત શ્રી યોગેશ શાસ્ત્રીએ આ પ્રકારની શિબિરોનું આયોજન કરવા તથા તેનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પુજા તેજસ વેલાણીએ કર્યું હતું.

# આર્યસમાજ, ઘાટકોપર ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરાયું



આજના વાતાવરણને જોતા રક્તની ખૂબ જ આવશ્યકતા જણાઈ રહી છે. ડગલે ને પગલે દર્દીઓને રક્તની જરૂરિયાત પડતી હોય છે. લોહીની અછતના કારણે બ્લડ-બેંકો તેની પૂર્તિ કરી શકતી ન હોવાને કારણે કેટલાક જરૂરિયાતમંદો રક્ત પ્રાપ્ત કરી શકતા નથી અને આને કારણે દર્દીનું જીવન જોખમમાં મૂકાઈ જાય છે. આ વાતને ધ્યાનમાં રાખીને ન્યુ માણેકલાલ રેસીડેન્ટ્સ વેલફેર એશોસીએશન, રેડ સ્વસ્તીક સોસાયટી અને આર્યસમાજ, ઘાટકોપરના સહયોગથી એક રક્તદાન શિબિરનું આયોજન ગત તા. ૧૩મી એપ્રિલના રોજ આર્યસમાજ હોલ, ઘાટકોપર (વેસ્ટ) ખાતે કરવામાં આવ્યું હતું.

સૌ પ્રથમ સવારે ૯:૦૦ કલાકે આરોગ્ય રક્ષક વન ઔષધીઓથી યજ્ઞની શરૂઆત કરવામાં આવી હતી. યજ્ઞના મુખ્ય યજમાન તરીકે આર્યસમાજના પરિસરવાળા દાનવીર અને શિક્ષણ જગતમાં આગળ તડતા શ્રી માણેકલાલ મહેતાના સુપુત્ર કે જેઓ ૧૦૦ થી વધુ વર્ષથી ચાલતી રામજી આસર વિદ્યાલયના પ્રધાન છે તેવા શ્રી ધીરૂભાઈ મહેતા હતા.

આ રક્તદાન શિબિરમાં આજુબાજુના વિસ્તારના તેમજ છેક બોરિવલી સુધીના રક્તદાતાઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. તેમણે ભારે ઉત્સાહપૂર્વક રક્તદાન કરી 'રક્તદાન શ્રેષ્ઠદાન', 'રક્તદાન મહાદાન' ના સુત્રને સાર્થક કર્યું હતું.

રક્તદાનની સાથે સાથે મેટ્રો રેલવે સ્ટેશનને માણેકલાલ મહેતા નામ આપવા માટેની માગણી કરતાં પત્રકો પણ બધાની સહી ઝુંબેશ કરવામાં આવી હતી.

આ પ્રસંગે આગામી લોકસભાની ચૂંટણીમાં તમામ મતદારો દ્વારા ૧૦૦ ટકા મતદાન કરી આપણી પવિત્ર ફરજ બજાવવા તથા દેશમાં ભ્રષ્ટાચાર મુક્ત સરકાર રચાય તેવા ઉમેદવારને ોટ આપવા માટેની એક જાહેર અપીલ પણ આ રક્તદાન શિબિર દરમ્યાન કરવામાં આવી હતી.

# સુખનું સરનામું

સુખની શોધમાં ભટકતા મનુષ્યને ભૌતિકવાદનો ભવ્ય માર્ગ સરળ અને સસ્તો દેખાય છે. પરંતુ સુખની શોધ કરતાં મનષ્યએ ક્યારેય એ વિચાર્યું નથી કે ભૌતિકવાદના ભવ્ય, સરળ અને સસ્તા માર્ગ પર સંપૂર્ણ, સ્થાયી અને નિતાંત સુખની પ્રાપ્તિ સંભવ નથી. ચિર સ્થાયી સુખની પ્રાપ્તિ ભૌતિકવાદમાં છે જ નહિં. ભૌતિકવાદના ભવ્ય માર્ગ પર સાધનો અને અમુક પાદર્થોની પ્રાપ્તિ થઈ જાય છે. પરંતુ સંપૂર્ણ અને શાશ્વત સુખથી મનુષ્ય સો જોજન દૂર થઈ જાય છે. મનુષ્ય જીવનમાં અમુક દુઃખો એવા છે કે જેનો સંબંધ સાધનો કે પદાર્થો સાથે બિલકુલ નથી. અર્થાત મનુષ્ય જીવનમાં અમુક દુઃખો એવા આવે છે કે જેનું નિવારણ સાધનો કે પદાર્થો પ્રાપ્ત કરવા માત્રથી છૂટતા નથી. મનુષ્ય ચાહે તો પૈસાથી પદાર્થો ખરીદી શકે છે પણ પરમેશ્વરને પામવા માટે પૈસાની આવશ્યકતા નથી. પૈસાથી પદૃથો આવે, અને પદાર્થોથી શરીરને પોષણ મળે પણ આત્મ તૃપ્તિ માટેની તરસ તો જીવનમાં તરતી જ રહે. આત્મ તૃપ્તિ માટે તો પરમેશ્વરની જ જરૂર પડે. માટે કેવળ અને કેવળ માત્ર પૈસા કે પદાર્થોના સંગ્રહથી શોકતુર મનુષ્ય મુક્ત ન થઈ શકે. યાદ રાખવા જેવી બાબત એ છે કે મનુષ્ય ભય, ચિંતા, શોક વગેરે દુઃખોથી મુક્ત થવા શું કરવું જોઈએ ? વૈદિક ઋષિઓના આદેશ અનુસાર સંપૂર્ણ દુઃખોથી મુક્ત થવા માટે મનુષ્યએ સાચા વિશુદ્ધ વૈદિક માર્ગ પર ચાલીને શ્રેષ્ઠતમ આધ્યાત્મિક જીવન પદ્ધતિને પોતાના જીવનમાં વણી લેવી જોઈએ. વિશુદ્ધ વૈદિક માર્ગ પર પગ માંડતા મનુષ્યએ જીવનમાં વૈદિક જ્ઞાન-કર્મ અને ઉપાસનાને અપનાવી જોઈએ. જ્ઞાન, કર્મ અને ઉપાસના ત્રણેયનો સમન્વય સાથે-સાથે કરવો આવશ્યક છે. ત્રણમાંથી કેવળ કોઈ એક જ્ઞાન કે કર્મ અથવા ઉપાસનાને અપનાવવાથી પણ મનુષ્ય



## ચંદ્રેશ ચિંતન

(૧)- ચંદ્રેશ આર્ય, ગાંધીધામ

પૂર્ણરૂપે સુખી થઈ શકતો નથી. પ્રત્યેક ક્ષણ ત્રણે જ્ઞાન-કર્મ અને ઉપાસનાની આરાધના કરનાર મનુષ્ય સુખનો સાચો ભાગીદાર બની શકે છે.

લાગણીઓની લાશો પર લહર કરતો આજનો ભૌતિકવાદી મનુષ્ય સુખની શોધમાં સાવરથી સાંજ સુધી પુરુષાર્થ તો કરે છે. પરંતુ વાસ્તવમાં સુખ શું છે ? સુખ કોને કહેવાય ? સાચા સુખની અનુભૂતી શું છે ? વિગેરે વૈદિક વાતોથી બિલકુલ અજાણ છે. સુખની વ્યાવહારિક વ્યાખ્યા પણ વિચારમાં ન લાવતો મનુષ્ય સાચા અર્થમાં સુખથી સેંકડો માઈલ દૂર છે. અનેકો વખત એવું બને છે કે સુખથી વંચિત મનુષ્ય સુખની શોધમાં દુઃખને પણ સુખ સમજી બેસે છે. મનુષ્યની મૂર્ખાઈ પણ ક્યારેક દયા ત્યારે આવે છે કે ઘણીવાર મનુષ્ય દુઃખ ભોગવતો હોવા છતાં સુખના આભાસની અભિવ્યક્તિ કરે છે. આવી ખોટી અનુભૂતિઓ માનવને સાચા સુખથી દૂર રાખે છે.

સંસાર સાગરમાં ડૂબેલા અધિકાંશ અજ્ઞાની મનુષ્યો સુખ અને દુઃખની સાચી વ્યાખ્યા અને વ્યવહાર જાણતાં નથી. જે અજ્ઞાની લોકો સુખ અને દુઃખની પરિભાષા જાણવા કે પામવા બિલકુલ પુરુષાર્થ કરવા તૈયાર નથી એવા લોકોને સુખ કોને કહેવાય? સુખ એટલે શું ? વિગેરે વાતોથી વંચિત છે. દુઃખોને જ સુખ માની બેસતો મનુષ્ય ક્યારે પણ સાચા સુખની સડક પર ચડી શકતો નથી. સુખ અને દુઃખની અનુભૂતિઓ શું છે ? એ બંને અલગ-અલગ પરિસ્થિતિની પહેચાન અને પરખ કરવાની જરૂર છે. જ્યારે આ પ્રશ્નોની પહેચાન અને પરખ મનુષ્ય મેળવી લેશે ત્યારે જ તે સાચા સુખની શોધમાં સફળતા મેળવશે અને વાસ્તવિક રીતે દુઃખોથી મુકત થવા પ્રયત્નશીલ બનશે. સાચા સુખ અને દુઃખની કસોટી માટે સુખ અને દુઃખને પૈસા કે પદાર્થોના ત્રાજવામાં તોલવા જોઈએ નહિં. પૈસા અને પદાર્થોના માપદુડો અને માનક વૈદિક અધ્યાત્મમાં માન્ય નથી. કારણ કે વર્તમાન ભૌતિકવાદ પરિસ્થિતિમાં પૈસા, પદાર્થો અને પાવરના ઢગલાઓ નીચે ઘણાં દુઃખી લોકો જોવા મળે છે એનાથી ઉલટુ પણ જોવા મળે છે કે ઓછા પૈસા અને ઓછા પદાર્થોના સંગ્રહ વાળા લોકો ઓછા દુઃખી જોવા મળે છે. અત્રે એ વાત પુરવાર થાય છે કે પૈસા અને પદાર્થોના વધુ સંગ્રહથી વધુ સુખી થઈ જવાશે એ માન્યતા મનુષ્ય માટે ભુલ-ભરેલી છે. માટે વેદ વિરૂદ્ધ કેવળ ભૌતિકવાદના ભવ્ય માર્ગ પર સુખની શોધ કરવી એ નિરર્થક પુરુષાર્થ છે.

સમગ્ર સંસાર સામે જંગે ચઢી જીતવાની કામના રાખતો માણસ પોતાના જ ઘરમાં માણસ સામે હારી જતો જોવા મળે છે. ભૌતિકવાદની ભૂખ તરફ દોડ લગાવતો મનુષ્ય પૈસા અને પદાર્થો વચ્ચે પોતાના ઘરના જ માણસોનો પ્રેમ પામી શકવા સમર્થ હોતો નથી. આર્થિક રીતે પોતાની કેરીયરમાં સફળ ગણાતો આજનો માનવી પોતાના અંગત જીવનમાં અણગમો અનુભવ કરતો જોવા મળે છે. આર્થિક સ્થિતિના અંબરો ઉંચા ચઢી રહ્યા છે, ત્યારે પ્રેમની પરબોમાં પ્રેમરસનો અભાવ જોવા મળે છે. વિશ્વાસના વહાણો વિખૂટા પડી રહ્યા છે, ત્યારે પદાર્થોના પહાડો દિવસે ને દિવસે ઉંચે ચઢી રહ્યા છે. લંકાના રાવણ કરતાં શંકાના રાવણનું આધિપત્ય આસમાને ઉડી રહ્યું છે. અહંકાર અને આડંબર જ અવિશ્વાસની ઓખળ ઉભી કરે છે. પૈસા, પદાર્થો અને પશ્ચિમી સંસ્કૃતિ વચ્ચે પલ્લવીત થતો આ વૈદિક દેશનો માનવી વેદથી વિમુખ જતો જાય છે. વેદથી વિખૂટા પડેલા માનવીની દશા અને દિશા બંને દુષિત અને દુર્ગુણયુક્ત બનતી જાય છે. સુખના સો-સો રસ્તાઓ શોધતો આજનો માનવી દુઃખોના ડુંગરો નીચે દિવસે ને દિવસે વધુ દબાતો જાય છે ત્યારે જાણવા જેવી બે ઘટનાઓ વાંચકો માટે વિચાર અર્થે રજુ કરું છું.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com